## નવા નિયમો અને દંડની ૧૬મી સપ્ટેમ્બરથી અમલવારી

# લોકોના આક્રોશ વચ્ચે ગુજરાતમાં ટ્રાફિક દંડની રકમ ૫૦ ટકા ઘટાડી

### હેલ્મેટ-સીટબેલ્ટ વિના રૂપિયા ૫૦૦, લાયસન્સ, આરસીબુક કે વીમો-પીયુસી નહીં હોય તો રૂપિયા ૫૦૦નો દંડ થશે અને અડચણરૂપ પાર્કિંગ બદલ ૫૦૦

અમદાવાદ, બુધવાર

કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એક્ટમાં સુધારા કરીને નવા ટ્રાફિક નિયમો, જોગવાઈઓ અને આકરા દંડને લાગુ કરવામાં આવ્યો હતો પરંતુ ગુજરાતમાં આટલા આકરા દંડ અને જોગવાઈઓને લઈ આમજનતામાં ઉગ્ર આક્રોશ ભભૂકી ઉઠતાં રાજ્ય સરકારે વાહન વ્યવહાર વિભાગના અધિકારીઓ, આરટીઓ અને ટ્રાફિક સત્તાધીશો સહિતના સંબંધિત સત્તાવાળાઓ સાથે બેઠક યોજી તેમ જ આ સમગ્ર મામલે હાઈપાવર કમીટી મારફતે સમીક્ષા કરી નવા કાયદાની ૫૦ જેટલી કલમોમાં નોંધનીય ફેરફાર કર્યો હતો અને ખાસ કરીને ટ્રાફિક કે વાહન સંબંધી અપરાધ કે ગુનામાં દંડની આકરી રકમમાં થોડો ઘટાડો કરી પ્રજાજનોને આંશિક રાહત આપવાનો પ્રયાસ કર્યો હતો. નવા ઘટાડેલા દંડના દરો સાથે આગામી તા.૧૬ સપ્ટેમ્બરથી સમગ્ર ગુજરાત રાજયમાં આ કાયદાનો અમલ શરૂ કરવામાં આવશે એ મતલબની જાહેરાત આજે રાજ્યના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ કરી હતી. જો કે, સરકાર દ્વારા દંડની આ ઘટાડેલી રકમ પણ વધુ પડતી હોવાથી લોકોમાં ખાસ કરીને સામાન્ય નાગરિકોમાં દંડની રકમને લઈ આક્રોશ અને ભારોભાર નારાજગી જોવા મળી રહ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક પ્રેસ કોન્ફરન્સ કરી જણાવ્યું હતુ કે, ગુજરાત સરકારે આ મામલે નવા કાયદાની ૫૦ કલમોમાં ફેરફાર કરી અને દંડની રકમમાં ઘટાડો કર્યો છે. રાજ્ય સરકારને આકરા દંડની વસૂલાતમાં નહી પરંતુ નાગરિકોની સુરક્ષા અને સલામતીમાં રસ છે. સરકારે આમજનતાની મુશ્કેલી આ અને આર્થિક બોજાની સ્થિતિને ધ્યાનમાં લઈ વધુ પડતી આકરી રકમમાં ઘટાડો કરી વાજબી રકમ નક્કી કરી નાગરિકોને રાહત આપવાનો પ્રયાસ કર્યો છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, હવે દંડની રકમમાં ડિજિટલ પેમેન્ટ માન્ય ગણાશે તો, વાહનચાલક દ્વારા ડિજિટલ સ્વરૂપે દસ્તાવેજ રજૂ કરાય તો તે પણ માન્ય રહેશે. એટલું જ નહી, વાહનચાલક પાસે તાત્કાલિક દસ્તાવેજો ના હોય તો તે રજૂ કરવા માટે તેને પંદર દિવસનો સમય મળશે. આ સમયમર્યાદામાં તે ઓથોરીટી સમક્ષ પોતાના દસ્તાવેજો રજૂ કરી શકશે. હાઈપાવર કમીટીએ મોટર વ્હીકલ એક્ટના અમેન્ડમેન્ટની પ્રત્યેક કલમની વિસ્તૃત છણાવટ કરી હતી અને ત્યારબાદ આ નવા સુધારેલા દર નક્કી કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ એ સ્પષ્ટ કર્યું હતું કે, સરકારે ટુ વ્હીલર માટે માનવીય અભિગમ અને ટ્રેક્ટર અને કૃષિલક્ષી ખેડૂત કલ્યાણ લક્ષી અભિગમ અપનાવ્યો છે પરંતુ સામાન્ય માણસને અસર કરતા હોય તેવા અને ખાસ કરીને નિર્દોષ લોકો જીવન ગુમાવે તેવા ગંભીર કિસ્સામાં કોઈપણ પ્રકારની રાહત કે છૂટછાટ અપાઈ નથી. પૂરઝડપે બાઈક-વાહનો ચલાવવા કે ભયનજક રીતે વાહનો હંકારવા સહિતના અપરાધમાં કોઈ રાહત અપાઈ નથી. ગુજરાતમાં ૨૦ હજારથી વધુ અકસ્માતો થાય છે. નિર્દોષ પરિવારો વેરવિખેર થઈ જાય છે. લોકોની સલામતી માટે સરકાર આ નિયમોની અમલવારી કરી રહી છે. ડિજિટલ સ્વરૂપે દસ્તાવેજો માન્ય રહેશે. જે જોગવાઈઓમાં રાજ્ય સરકારને સત્તા બક્ષાયેલી તેમાં જ આ સુધારા અને રાહતની રકમ લાગુ કરાઈ છે, જ્યારે જે કિસ્સામાં રાજ્ય સરકારને સત્તા નથી અને જે કોર્ટને આધીન સત્તા છે.

## અંબાજી મેળો મિની મહાકુંભમાં ફેરવાયો

# અંબાજી મેળો : ઉત્તર ગુજરાત ભક્તિરસમાં તરબોળ બન્યું છે

### શ્રદ્ધાળુઓની સેવા અને સુવિધા માટે જિલ્લા તંત્ર ખડેપગે

પાલનપુર, બુધવાર

અંબાજીમાં ભાદરવી પૂનમ મેળાની હવે સોળે કળાએ જમાવટ થઈ રહી છે. લાખો પદયાત્રીકો દિવસ રાત જય અંબેના જયઘોષ સાથે અંબાજી ઉમટી રહ્યા છે. અંબાજી જતાં તમામ રસ્તાઓ પદયાત્રીકોથી ભરચક બન્યા છે. અરવલ્લીની ગીરીમાળાઓમાં નવી ચેતનાનો સંચાર થયો છે. અંબાજી મહામેળાથી લાખો માઈ ભક્તિ નવી ઉર્જા મેળવી રહ્યા છે. ઘણા યાત્રીઓ ભાવવિભોર બની જતાં ભક્તિભાવમાં ડુબી ગયા છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રીઓને દર્શન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર પર ધજા ચઢાવવાનો અવિરત પ્રહાવ જોવા મળી રહ્યો છે. પદયાત્રીઓના જોમ જુસ્સા અને ઉત્સાહમાં અનેકગણો વધારો થયો છે. ગાંધીનગર, અમદાવાદથી પણ મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. મોટા ચિલોડા, હિંમતનગર થઈને અંબાજી જતા માર્ગો પર જય અંબેના જયઘોષ સાંભળવા મળી રહ્યા છે. શ્રદ્ધાળુઓમાં શ્રદ્ધા અભૂતપૂર્વ જોવા મળી રહી છે. આ ઉપરાંત ચાંદખેડા-ગાંધીનગર, રિંગરોડ, ચિલોડા, હિંમતનગર માર્ગો ઉપર રાત દિવસ માતાના રથ અને ધજા સાથે શ્રદ્ધાળુઓ જોવા મળી રહ્યા છે. શ્રદ્ધાળુઓ માટે હિંમતનગરમાં પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ-હિંમતનગર રાજમાર્ગ ઉપર ઉદય ફાર્મમાં શ્રદ્ધાળુઓ માટે આરામ, ભોજન અને ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે. મેળાની શરૂઆત થયા બાદ હવે ૧૪મી સપ્ટેમ્બર સુધી અંબાજી મહામેળો ચાલનાર છે. ગઈકાલે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મેળાની શરૂઆત કરાવી હતી. મેળાને લઈને અભૂતપૂર્વ ઉત્સાહ શ્રદ્ધાળુઓમાં જોવા મળી રહ્યો છે.

મેળાના પરિણામ સ્વરુપે અંબાજી જતા માર્ગો ઉપર શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. જુદી જુદી જગ્યાઓ ઉપર જુદા જુદા સંગઠનોના સ્વૈચ્છિક લોકો સેવા માટે સક્રિય થયા છે. શ્રદ્ધાળુઓની સેવા માટે ચા-કોફી, નાસ્તા અને ભોજન માટે શિબિર લગાવવામાં આવ્યા છે. ગુજરાતમાંથી જ નહીં બલ્કે દેશના જુદા જુદા ભાગોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં પહોંચી રહ્યા છે.

આ પદયાત્રીઓ માતાના દર્શન કરવા માટે ઉત્સાહિત થયેલા છે. યાત્રીઓની સુવિધાને ધ્યાનનમાં લઈને એસટી વિભાગ તરફથી પણ વધારાની બસો દોડાવવામાં આવી રહી છે. જિલ્લા વહીવટીતંત્રથી પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓ માતાના દર્શન સરળરીતે કરી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# બેંક ખાતામાંથી બારોબાર દોઢ રૂપિયા ઉપાડી છેંતરપીડી કરાઈ

અમદાવાદ, બુધવાર

ટેકનોલોજીના ઉપયોગ સાથે જ લોકો સાથે છેતરપીંડીના બનાવો પણ સતત વધતા જઈ રહ્યા છે. એટીએમ દ્વારા ઓટીપી મેળવીને અથવા અન્ય રીતોથી નાગરીકોને ભોળવવામાં આવે છે. અને તેમનાં ખાતામાંથી બારોબાર રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આવી જ વધુ એક ઘટના બહાર આવી છે. જેમાં નોકરીયાત વર્ગના એક વ્યક્તિને તેના ખાતામાંથી રૂ.ઉપાડવાના એક પછી એક મેસેજો આવવા લાગ્યા હતા. અને જોતજોતામાં કુલ રૂપિયા એક લાખ ચાલીસ હજાર તેના ખાતામાંથી ઉપડી જતાં પોતે ડઘાઈ ગયા હતા. અને તુરંત પોલીસને જાણ કરી હતી.

મળતી માહિતી અનુસાર બાપુનગરમાં આવેલા ડી-માર્ટની સામે આવેલી રાજલક્ષ્મી સોસાયટી ખાતે રહેતા દર્શનભાઈ રણછોડભાઈ પટેલ (૨૫) લીફટનું વાયરીંગ કામ કરવાનો વ્યવસાય કરે છે. તેમનું બચ ખાતું સ્ટેટ બેંકની બાપુનગર હીરાવાડી ખાતે પુષ્પક બિલ્ડીંગમાં આવેલું છે. કેટલાંક સમય અગાઉ રાત્રે તે પોતાના ઘરે સુઈ ગયા હતા. એ સમયે એક વાગ્યાના સુમારે તેમના મોબાઈલ ફોન પર સતત મેસેજ આવતા તેમની આંખ ખુલી ગઈ હતી. અને મેસેજ તપાસતાં તેમના એસબીઆઈ ના ખાતામાંથી ચાલીસ હજાર, વીસ હજાર, બે હજાર એમ કટકે કટકે કુલ રૂ.એક લાખ ચાલીસ હજાર ઉપડી ગયાનો મેસેજ આવતાં તેમની ઉંઘ ઉડી ગઈ હતી. જેના પગલે તુરંત તેમણે બેંકનો સંપર્ક સાધ્યો હતો. વહેલી સવારે સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી હતી.

શહેર સાયબર ક્રાઈમ આ ઘટનાની તપાસ ચલાવી રહી છે. દરમ્યાન દિલ્હીની ગઠીયા ટોળકીએ આ સમગ્ર કાંડને અંજામ આપ્યો હોવાનુ બહાર આવ્યુ હતુ. જેથી સાયબર ક્રાઈમની ટીમો દિલ્હી તરફ રવાના થઈ હતી. દશનભાઈના ખાતામાંથી આશરે દોઢ લાખની રકમ ઉપડી જતાં અન્ય નાગરીકો પણ પોતાની સાથે આવી ઠગાઈ થયાનો ડર અનુભવી રહ્યા છે. બીજી તરફ પોલીસ ઓનલાઈન, છેતરપીંડી આચરતી ગેંગને ઝડપી લેવા સક્રિય થઈ છે.

## વિવિધ શાળાઓના શિક્ષકો જોડાયા

# સીબીએસઈ દ્વારા માસ્ટર ટ્રેનિંગનો પ્રોગ્રામ યોજાયો



અમદાવાદ, બુધવાર

ધ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા ગ્લોબલ ઈન્ડિયન ઈન્ટરેશનલ સ્કૂલ ખાતે ટૂંક સમયમાં વેલ્યુ એજ્યુકેશન અભ્યાસક્રમનાં એજ્યુકેટર્સ માટે માસ્ટર ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં શૈક્ષણિક ક્ષેત્રમાં વર્તમાન પડકારોનું સમાધાન કરવામાં આવ્યું હતું. સીબીએસઈનાં ટ્રેનર્સ કરુણા યાદવ અને રાજન શર્માએ શૈક્ષણિક તેમજ સામાજિક અને નૈતિક પરિવર્તન લાવવા શિક્ષકોની પથપ્રદર્શક ભૂમિકા અને ઉદ્દેશને વ્યક્ત કર્યો હતો. આ ઈવેન્ટમાં વિવિધ શાળાઓમાંથી ૭૦થી વધારે શિક્ષકો અને આચાર્યો સામેલ થયાં હતાં. આ પ્રસંગે જીઆઈઆઈએસ ઈન્ડિયાનાં ડાયરેક્ટર ઓપરેશન્સ રાજીવ બંસલે જણાવ્યું હતું કે, જીઆઈઆઈએસ શિક્ષકોની કુશળતાને વધારવામાં માને છે, કારણ કે તેઓ ભવિષ્યનાં લીડર્સને ઘડવામાં અને વિકસાવવામાં મહતત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ માસ્ટર ટ્રેનિંગ પ્રોગ્રામ દ્વારા શિક્ષકોને સીબીએસઈની માર્ગદર્શિકા હેઠળ ગ્લોબલ ટીચિંગ કુશળતા સાથે સક્ષમ બનાવવામાં આવ્યાં હતાં, જેથી તેઓ તેમનાં વર્ગખંડોમાં વેલ્યુ એજ્યુકેશનને સમજી શકે, શીખી શકે અને એને ઉચિત અમલ કરી શકે. જીઆઈઆઈએસ અમદાવાદનાં પ્રિન્સિપલ સીઝર ડીસિલ્વાએ કહ્યું હતું કે, જીઆઈઆઈએસ અમદાવાદને સીબીએસઈ દ્વારા આ માસ્ટર ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવાનો ગર્વ છે. આ પ્રકારનાં ટ્રેનિંગ પ્રોગ્રામો આપણાં શિક્ષકો માટે સીબીએસઈની માર્ગદર્શિકા હેઠળ નવા અને સતત બદલાતાં અભ્યાસક્રમને પુનઃશીખવા અને સ્વીકારવાની તકો છે. આ ટ્રેનિંગ પ્રોગ્રામ દરમિયાન શિક્ષકોને પાંચનાં જૂથમાં વહેંચવામાં આવ્યાં હતાં તથા વ્યક્તિગત સ્તરે તેમનું ઈન્ટરેક્શન અને સહભાગીદારી સુનિશ્ચિત કરવા વિવિધ પ્રવૃત્તિઓ આપવામાં આવી હતી. વ્યક્તિગત, ઈન્ટરપર્સનલ, કમ્યુનિટી, નેશનલ અને ગ્લોબલ એમ જુદાં જુદાં સ્તરે મૂળ મૂલ્યોની યાદીમાં રિઝોનિંગ, ઈન્ટરપ્રીટેશન અને સ્વસ્થ ચર્ચા સામેલ હતી. સમાજ પ્રત્યે સંવેદના અને ફજ દર્શાવવા એક વીડિયો સેશન પણ યોજાયું હતું. આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં શિક્ષકોને જીવનનાં તમામ તબક્કાઓમાં સતત શીખતા રહેવાનો સ્પષ્ટ સંદેશ સફળતાપૂર્વક આપવામાં આવ્યો હતો.

# ગોમતીપુરમાં બેકારીને કારણે યુવાનો આત્મહત્યા કરતા ચકચાર

અમદાવાદ, બુધવાર

દેશભરમાં આર્થિક મંદીનું મોજુ ફરી વળ્યું છે જેના પગલે કારમી મોંઘવારીમાં નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે આ પરિસ્થિતિમાં શહેરના ગોમતીપુર વિસ્તારમાં એક ચોંકાવનારો બનાવ બન્યો છે. ૬ મહિના પહેલા જ લગ્ન થયા બાદ યુવક રોજગારી મેળવવા માટે સતત રઝળપાટ કરતો હતો પરંતુ નોકરી નહી મળવાથી પરિવારના ભરણપોષણની ચિંતામાં આખરે તેણે આત્મહત્યા કરી લેતા સમગ્ર પરિવાર ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે ગોમતીપુર પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ગોમતીપુર વિસ્તારમાં મદની મહોલ્લામાં રહેતો ૨૪ વર્ષીય યુવાન મોઈન અબ્દુલ વહાબ શેખના લગ્ન છ મહિના પહેલા જ થયા હતા અને પરિવારમાં ખુશાલીનો માહોલ હતો. લગ્ન થઈ ગયા બાદ મોઈન શેખ પરિવારનું ભરણપોષણ કરવા માટે સતત નોકરી મેળવવા રઝળપાટ કરતો હતો અને તેને સફળતા મળતી ન હતી જેના પરિણામે તે છેલ્લા કેટલાક દિવસથી માનસિક રીતે હતાશ જોવા મળતો હતો આ દરમિયાનમાં બે દિવસ પહેલા બેકારી અને મંદીના કારણે તેણે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી મોઈન શેખના મૃતદેહને જતા જપરિવારજનોએ બુમાબુમ કરી મુકી હતી જેના પગલે આસપાસના લોકો પણ એકત્ર થઈ ગયા હતા આ અંગે પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા ગોમતીપુર પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી. પોલીસે મોઈન શેખના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો આત્મહત્યાનું કારણ જાણવા માટે પરિવારજનોની પુછપરછ કરતા ઉપરોકત વિગતો પોલીસને જાણવા મળી હતી આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## બંને સંસ્થાઓને શાંતિ જાળવવા અનુરોધ કરાયો

# નીલકંઠવણી વિવાદનો અંત લાવવા BAPS

અમદાવાદ, બુધવાર

તાજેતરમાં જ નીલકંઠવર્ણીનો અભિષેક કરવા બાબતે જાણીતા રામકથાકાર મોરારિબાપુએ કરેલી ટિપ્પણીનો બીએપીએસ તથા વડતાલ સહિતના સ્વામિનારાયણ સંપ્રદાયોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. મોરારિબાપુ ભગવાન સ્વામિનારાયણની નામજોગ માફી માગે તે બાબતે સ્વામિનારાયણ સંપ્રદાયો અડગ રહેતાં સામ-સામે નિવેદનબાજી થઈ હતી.

જો કે, આ મામલો વકરતાં અંતે પાંચ દિવસ બાદ બીએપીએસ તથા વડતાલ સહિતના સ્વામિનારાયણ સંપ્રદાયોએ સત્તાવાર નિવેદન બહાર પાડીને આ વિવાદનો અંત લાવવા સંતો તથા હરિભક્તો-ધર્મપ્રેમીઓને અનુરોધ કરવામાં આવ્યો છે. બીએપીએસના સત્તાવાર નિવેદનમાં ઉલ્લેખ કરાયો છે કે, તાજેતરમાં ધાર્મિક લાગણી દુભાયાના મુદ્દે જે કંઈ બન્યું છે તે બનવાકાળ બની ગયું છે.

અમે સૌ પ્રત્યે પ્રેમ અને આદર ધરાવીએ છીએ. આથી સંપ્રદાયના તમામ સંતો-ભક્તો તેમજ તમામ ધર્મપ્રેમી ભાવિકો-સંતો-મહંતો-આચાર્યોને અમારી નમ્ર પ્રાર્થના અને હાર્દિક અપીલ છે કે, આપણે સૌ પરસ્પર વૈમનસ્ય ભૂલીને વિવાદ અને વિખવાદોથી પર થઈએ, સનાતન હિન્દુ ધર્મની એકતા માટે, ધર્મના યત્કિંચિત સેવાકાર્યો તથા ઉત્કર્ષમાં સાથે મળીને પ્રવૃત્ત થઈએ. હવે પરસ્પર નિવેદનો કરવાને બદલે પરસ્પર આદર રાખીને આપણે સનાતન હિન્દુ ધર્મની સેવામાં જોડાઈએ. સર્વે ધર્મપ્રેમી ભક્તો-ભાવિકો અને સમસ્ત જનસમુદાયને અમે શાંતિની અપીલ કરીએ છીએ.

સ્વામિનારાયણ મંદિર, વડતાલ સંસ્થાને પણ એક નિવેદન બહાર પાડીને આ વિવાદનો ઉકેલ લાવવા અપીલ કરી છે. આ નિવેદનમાં જણાવાયું છે કે, મોરારિબાપુના નિવેદન સંદર્ભે ચાલતા વિવાદનો અંત લાવવો જોઈએ.

આ વિવાદને સમસ્ત હિન્દુ સનાતન ધર્મના પરિપ્રેક્ષ્યમાં વિચારતા વધુ વિખવાદ ન થાય તે તમામના હિતમાં છે. જેથી આ વિવાદનો અંત આવે અને આ અંગેની ટીકા-ટિપ્પણીઓથી દૂર રહેવું જોઈએ એવી તમામ ધર્મપ્રેમીઓને નમ્ર અપીલ છે. વિવાદને શમાવવાના મહત્વના પ્રયાસ સામે આવ્યા હતા.

